### ભાજપાની બુથ વિસ્તારક યોજનાનો વીરભૂમિ ફાગવેલથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

# આગામી ચૂંટણીમાં ભાજપા ૧૫૦થી વધુ બેઠકો મેળવશે : વિજયભાઈ રૂપાણી

નડીઆદ, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપા ૧૫૦થી વધુ બેઠકો મેળવશે એવો નિર્ધાર વ્યકત કર્યો છે. કોંગ્રેસને આડે હાથે લેતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે કોંગ્રેસ માટે સત્તા હજારો ગાઉ દૂર છે. હાલમાં કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે ફાફાં મારી રહી છે. ભૂતકાળમાં કેન્દ્રમાં કોંગ્રેસના શાસનમાં દર માસે એક નવું કૌભાંડ થતું હતું. દેશમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં પ્રમાણિક અને ઈમાનદારીના શાસનની પ્રજાને સાચે જ અનુભૂતિ થઈ રહી છે. તેમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે ખેડા જિલ્લામાં ભાથીજી મહારાજની વીરભૂમિ એવા પાવન સ્થાનક ફાગવેલથી પંડિત દિનદયાળ ઉપાધ્યાય વિસ્તારક યોજનાનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ ફાગવેલમાં ઘેરઘેર ફરીને ભાજપાના સંનિષ્ઠ કાર્યકર તરીકે લોકો સાથે સંવાદ કરી કેન્દ્ર/રાજય સરકારની યોજનાકીય સિધ્ધિઓની જાણકારી આપી હતી. ફાગવેલ ભાથીજી મંદિરના ટ્રસ્ટી ઉદેસિંહ રાઠોડ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં હજારો કાર્યકરો સાથે ભાજપામાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ ખેસ પહેરાવી તેમનો ભાજપામાં આવકાર કર્યો હતો.



વીર સાવરકર જન્મજયંતિથી ગુરૂજીની પૂણ્યતિથિ ૫ જુન સુધી ભાજપાની વિસ્તારક યોજના યોજાઈ રહી છે. એવી જાણકારી આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે નવ દિવસ ચાલનાર આ કાર્યક્રમમાં ૪૮૦૦૦ કાર્યકરો ગુજરાતના તમામ ૪૮૦૦૦ બુથમાં ઘેરઘેર જઈને લોકસંપર્ક કરશે.

સાંસદ અને ખેડા જિલ્લા ભાજપા પ્રમુખ દેવુંસિંહ ચૌહાણે સૌનો આવકાર કરતાં જણાવ્યું કે બુથ વિસ્તારક યોજના થકી ભાજપાના લાખો કાર્યકરો ઘેરઘેર ફરી કેન્દ્ર/રાજય સરકારની સિધ્ધિઓ લોકો સુધી પહોંચાડશે. ચૌહાણે ઉમેર્યું કે કઠલાલ, કપડવંજ, મહેમદાવાદ વિસ્તારમાં લોકોને પીવાનું શુધ્ધ પાણી પહોંચાડવા ૨૬ કરોડની ફાગવેલ-લુસન્દ્રા યોજનાનું કામ પૂર્ણ થયું છે. જેને પરિણામે ૧૫૦ ગામોને પીવાનું પાણી મળી રહેશે. સુજલામ્ સુફલામ્ કેનાલ દ્વારા ૩૦ કરોડના ખર્ચે જલોયા-સાવલી તળાવોમાં પાણી ભરવામાં આવશે. ઉપરાંત ૧૭૮ કરોડના ખર્ચે શેઢી શાખા નહેરનું નવીનીકરણ કરાશે. જેથી પાણીની વહન શકિત ત્રણ ગણી વધીને ૧૮૦૦ કયુસેક થશે.

ક્ષત્રિય વીર ભાથીજી મહારાજની ફાગવેલની આ બલિદાનની ભૂમિથી ભાજપાનો બુથ વિસ્તારક યોજનાનો પ્રારંભ થયો છે. જે એક ઐતિહાસિક ઘટના છે તેમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૦૨ માં રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ પાવન ભૂમિથી ગુજરાત ગૌરવયાત્રા આરંભી હતી. દેશના ૭૦ ટકા ભૂ-ભાગમાં આજે ભાજપાનો ભગવો લહેરાઈ રહયો છે. તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ અવસરે વિધાનસભાના મુખ્યદંડક પંકજકુમાર દેસાઈ, ભાજપાના મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, પૂર્વમંત્રી બિમલભાઈ શાહ, મણીભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ જયંતિભાઈ સોઢા પરમાર, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ ડાભી, રાજેશભાઈ પાઠક, અગ્રણી અર્જુનસિંહ ચૌહાણ, દિપકભાઈ પટેલ, દોલતસિંહ ડાભી તથા ભાજપાના કાર્યકરો તથા સ્થાનિક અગ્રણીઓ હાજર રહયા હતા.

# પ્રધાનમંત્રીની 'મન કી બાત' બુથવાર કાર્યકરોએ સાંભળી

મોડાસા, તા. ૨૮

રાજ્યભરમાં આજથી નવ દિવસ માટે જે તે બુથ ઉપર ૪૮૦૦૦ વિસ્તારકોએ શરૂ કરેલી કામગીરીના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકા -બે શહેરના મળી ૩



વિધાનસભા ક્ષેત્રમાં ૧૦૧૩ બુથો ઉપર વિસ્તારકો પહોંચ્યા હતા અને પોતાની કામગીરીનો પ્રારંભ કર્યો હતો.

છેવાડાના માનવીના ઉત્થાન માટે જીવન ખપાવી દેનાર અને એકાત્મ માનવવાદના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મશતાબ્દી વર્ષની ઉજવણી ભાજપા દ્વારા ''ગરીબ કલ્યાણ વર્ષ'' તરીકે કરવામાં આવી રહી છે. આ ''ગરીબ કલ્યાણ વર્ષ''માં ભાજપા સરકારની પ્રજાલક્ષી અને ગરીબલક્ષી યોજના જન-જન સુધી પહોંચાડવા માટે વિસ્તારક તરીકે જિલ્લામાં મોડાસા, મેઘરજ, ભિલોડા, ધનસુરા, માલપુર અને બાયડ તાલુકાઓ અને બાયડ તેમજ મોડાસા શહેરમાં મળી ૧૦૧૩ બુથો ઉપર પક્ષના નિયુક્ત કાર્યકરો વિસ્તારકો તરીકે આજે સવારથી જ જે તે બુથ ઉપર પહોંચી ગયા હતા.

પ્રદેશમંત્રી અને જિલ્લા પ્રભારી હર્ષદગિરી ગોસ્વામીએ ધનસુરા-૨ બુથ ઉપર વિસ્તારક તરીકે કામગીરી કરી હતી અને સાંજે ધનસુરા શહેરના બુથ પ્રમુખો, વાલીઓ અને બીએલો સાથે બેઠકો કરી હતી. જ્યારે પ્રદેશમાંથી નિયુક્ત વિસ્તારક ભોગીલાલભાઈ પટેલે ખલિકપુર અને આસપાસના બુથો ઉપર જઈ વિસ્તારકોની કામગીરી નિહાળી હતી.

જ્યારે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ પણ ભિલોડા તાલુકામાં પાંચચમહુડી બુથ ઉપર, મહામંત્રી શામળભાઈ પટેલે વાઘોડિયા બુથ ઉપર, જિલ્લા બક્ષી મોરચા પ્રમુખ અને સાબરડેરી ડિરેક્ટર ભીખુસિંહ પરમારે જીતપુર બુથ ઉપર, રાજલી-૨ બુથ ઉપર પ્રભુદાસ પટેલે, ધનસુરામાં જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અતુલભાઈ બ્રહ્મભટ્ટ, મોડાસા તાલુકા ભાજપ પ્રમુખ હસમુખભાઈ પટેલે ટીટીસર બુથ ઉપર અને મોડાસા તાલુકા મહામંત્રી અંકિત પટેલ સહિત તમામ તાલુકા-શહેરોના ૧૦૧૩ બુથ ઉપર વિસ્તારક તરીકે કાર્યકરોએ પોતાની નવ દિવસીય કામગીરીનો આજથી પ્રારંભ કર્યો હતો.

## રાજ્યમાં ખેતીબેન્કનો સૌ પ્રથમ સેઈફ ડિપોઝીટ વોલ્ટ મહેસાણા ખાતે શરૂ કરાયો

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્ક લી ખેતીબેન્ક ૧૯૫૧ થી ખેડૂતોના હિતો માટે કાર્યરત છે. મહેસાણા જિલ્લામાં રાજ્યમાં સૌ પ્રથમ ખેતીબેન્કનો પહેલો સેઈફ ડિપોઝીટ વોલ્ટ શરૂ કરાયો છે. જેનો વિધિવત પ્રારંભ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે સેઈફ ડિપોઝીટ વોલ્ટ ઉદ્‌ઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે ખેતીબેન્કના સભાસદોને સારી સેવા આપવાના ભાગ રૂપે આ યોજના શરૂ કરાઈ છ. જેમાં સભાસદો હવે મહેસાણામાં એસી સેઈફ ડિપોઝીટ વોલ્ટની સેવાઓનો ઉપયોગ કરી શકશે તેમ જણાવ્યું હતું.

ખેતીબેન્ક દ્વારા ૬૦૦ લોકરની સેવાઓ ઉપલબધ કરાઈ છે. આગામી સમયમાં આ સેવાઓ વિસ્તારવા માટેનું આયોજન ખેતીબેન્ક દ્વારા કરાઈ રહ્યું છે. ખેતીબેન્કના ચેરમેન ધીરેનભાઈ ચૌધરીએ ખેતીબેન્કની ખેડૂતલક્ષી કામગીરી સહિત બેન્કની વિવિધ થાપણ યોજનાઓ અને સેઈફ ડિપોઝીટ વોલ્ટની માહિતી આપી હતી.



## સરહદી સૂઈ ગામ પંથકમાં પીવાના પાણીનો કકળાટ

સરહદી બનાસકાંઠા જિલ્લાના છેવાડાના સૂઈ ગામ પંથકના ગામડાઓમાં હાલમાં ૪૦થી ૪૪ ડીગ્રી ગરમીમાં પીવાના પાણીનો ભારે કકળાટ સર્જાયો છે. ત્યારે સ્થાનિક રાજકારણીઓ દ્વારા કેટલીક પ્રાદેશિક ટી.વી. ન્યૂઝ ચેનલોના સ્ટ્રીન્ગરો દ્વારા પાલનપુરથી એરકન્ડીશન્ડ કારમાં સૂઈ ગામ પંથકમાં પ્રજાને પીવાના પાણીની કોઈ તંગી નથી તેવુ કવરેજ સ્ટોરી કરાવાઈ રહી છે.

જ્યારે વાસ્તવિક કંઈક જુદી જ છે. તસવીરમાં એક પીવાના પાણીના ટેન્કરની ચારેબાજુ પાણી મેળવવા જાણે મેળો ભરાયો હોય તેવુ દશ્ય આજના સત્તાધીશો માટે ભારે શરમજનક છે. સૂઈ ગામના માધુપુરા સહિત અન્યત્ર લોકો પીવાના પાણી માટે ભારે હાડમારી વેઠી રહ્યા છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

સને ૨૦૦૦ અને ૨૦૦૩ ના વર્ષમાં સરકાર દ્વારા સંસદમાં ફાયનાન્સ એકટની નવી કલમો ઉમેરવામાં આવેલી અને આ કલમો ફકત ગુડસ ટ્રાન્સપોર્ટ તથા સી એન્ડ એફ એજન્ટની સેવા માટે જ કરવામાં આવેલી અને આ નિયમને પાછલી તારીખથી અમલમાં બનાવી સરકારે ટ્રાન્સપોર્ટ તથા સી એન્ડ એફ એજન્ટની સેવાઓ બાબતે આ સેવાઓ મેળવનાર પાસેથી કર વસુલ કરવાની ખાસ જોગવાઈઓ સર્વીસ ટેક્ષ રૂલ્સ મુજબ કરવામાં આવી ન હતી તેથી ૨૦૦૬ પહેલા આવી સર્વીસ મેળવનાર પાસેથી ટેક્ષ વસુલવો ગેર બંધારણીય છે.

ભારત સરકાર ૧-૭-૨૦૧૭ થી જીએસટી અમલમાં મુકી રહ્યું છે ત્યારે ફોરેન સર્વીસ મેળવવા માટે ફાયનાન્સ એકટ ૧૯૯૪ માં ૨૦૦૭ પછી કોઈ જ સુધારા કે નવા નિયમો બનાવ્યા નથી કે સંસદે પણ આ એકટમાં ૨૦૦૬ પછી ૨૦૧૭ માં સુધારો કરી નવા નિયમો ૧-૨-૨૦૧૭ ના રોજ લોકસભાએ નવા નિયમો ફાયનાન્સ એકટ ૨૦૧૭ માં ઘડેલ છે જેને સર્વીસ ટેક્ષા એકટ ૧૯૬૧ મુજબ અમલમાં ગણાશે. આ નિયમ બન્યો છે ત્યારે જીએસટી અમલમાં મુકાયા પછી વિદેશમાંથી મેળવેલ સર્વીસ અંગે ટેક્ષ કોને ચુકવવો તે મોટો પ્રશ્ન બનશે સરકાર સર્વીસ મેળવનારને આ ટેક્ષ લાદશે જયોર સર્વીસ આપનારે સેવાના બદલામાં વળતર મેળવ્યું હોય ખરેખર તો વળતર મેળવા માટે જ ટેક્ષ પે કરવો જોઈએ પરંતુ બંધારણીય જોગવાઈ અને કાયદાકીય જોગવાઈ અંગે ફાયનાન્સ એકટની કલમોનું અર્થઘટન મનફાવે તે રીતે કરવામાં આવતા સર્વીસ ટેક્ષ ચુકવવા અંગે તકરારો ઉપસ્થિત થશે તેથી વિદેશમાંથી મળેલી કર પાત્ર સેવા અંગે બંધારણીયતા તથા કાયદાકીય પરિસ્થિતિ અંગેનો તાગ મેળવી ફાયનાન્સ એકટ ૧૯૯૪ માં નવા સુધારા સરકારે કરવા પડશે નહીતર વિદેશમાંથી ભારતમાં સર્વીસ મેળવનાર વ્યક્તિ ટેક્ષ ચુકવવામાં કાયદાકીય આંટીઘુંટીમાં ગુંચવાશે તે નક્કી છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

સ્વૉર્ડ ઑફ ટીપુ સુલતાન'ને આધારે સંજય ખાન અને અકબર ખાને બનાવેલી એ સિરિયલ હીટ ગઈ હતી. જોકે મહિસૂરના પ્રીમિયર સ્ટુડિયો આગમાં બળીને ભસ્મીભૂત થઈ ગયો હતો અને ૬૨ લોકો મૃત્યુ પામ્યાં હતાં. અહીં ટીપુ સિરિયલનું શૂટિંગ ચાલતું હતું. ભારતીય બંધારણમાં જે આદર્શ વ્યક્તિત્વોને સમાવાયાં છે તેમાં ભગવાન શ્રીરામ, સીતામૈયા, લક્ષ્મણ, ભગવાન શ્રીકૃષ્ણ, છત્રપતિ શિવાજી, મહાત્મા ગાંધી, નેતાજી સુભાષચંદ્ર બોઝ વગેરેની સાથે બાદશાહ અકબર અને ટીપુ સુલતાનનો પણ સમાવેશ છે. લોકપ્રિય ભારતીય રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ તો ટીપુને 'મિસાઈલ ટૅકનોલૉજી'ના જનક ગણાવતાં 'નાસા'ની દીવાલે તેમણે નિહાળેલા ચિત્રનો આત્મકથામાં ઉલ્લેખ કરે છે. કમનસીબે આ બધાં તથ્યોને બાજુએ સારીને ભારતીય રાજનેતાઓ પોતાના વર્તમાનને ચમકાવવા માટે ઐતિહાસિક પાત્રોને નાયક-ખલનાયકમાં વિભાજિત કરે છે.

- haridesai@gmail.com

### એન્જિનિયર બનવાની હોંશમાં...

● છેલ્લા પાનાનું ચાલુ

શિક્ષણક્ષેત્રે છેલ્લા દોઢ દાયકામાં અનેક બદલાવો અસ્તિત્વમાં આવ્યા છે. જેના અંતે બોર્ડ પરિક્ષાનુ મહત્વ ઘટી ગયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ આગળ મેડિકલ તેમજ એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરવા માટે નીટ તેમજ જે ઈ ઈ ની કસોટીના આધારે મેરિટ તૈયાર કરવામાં આવે છે. જેમાં બોર્ડ કસોટીના પરિણામનુ મહત્વ નહીંવત રહી જાય છે. જેના લીધે ધોરણ -૧૦ બાદ ગુણવત્તાયુક્ત સ્પર્ધાત્મક શિક્ષણનો દાવો કરતી શાળાઓ તરફથી વિદ્યાર્થીઓ અને વાલીઓનુ ધ્યાન હટી ગયુ છે. અલબત્ત એક જમાનામાં સરકારી શાળાના મેરીટ પર ચાલતા શૈક્ષણિક આલમમાં ટયુશનિયા શિક્ષકોના ગોલ્ડન પીરીયડ બાદ ડે સ્કુલનો અભિગમ વધુ મજબુત બન્યો હતો. જયારે હવે બદલાતી શિક્ષણ પ્રણાલી વચ્ચે પ્રવેશ માટેના નીતી નિયમો અને શિક્ષણ પધ્ધતિમાં પણ બદલાવ જોવા મળી રહયો છે. ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીએ મેડિકલ તેમજ ઈજનેરી ક્ષેત્રે અભ્યાસ કરવા માટે જે ઈ ઈ અને નીટની પરીક્ષાના મેરીટને ફોલો કરવાનુ રહેતુ હોવાથી નામાંકિત શાળાઓમાં પ્રવેશ મેળવવાનો ક્રેઝ ઘટી ગયો છે. અલબત્ત વિદ્યાર્થીઓની સાથે વાલીઓની મીટ નીટ સહીતની પરીક્ષાની તૈયારી કરાવતા બ્રાન્ડ કલાસીસ તરફ મંડરાઈ છે. બીજીતરફ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં પણ પ્રવેશ મેળવવા માટેનો જોક વધી રહયો છે. જેના પરિણામે છેલ્લા એક દાયકાથી અસ્તિત્વમાં આવેલા ડે સ્કુલનો યુગ પણ અસ્ત થવાના આરે છે. ગાંધીનગર શૈક્ષણિક હબ તરીકે ઉભરી રહયુ છે. ત્યારે અનેકવિધ શિક્ષણ સંસ્થાઓ વચ્ચે નગરના એજયુકેશન કલ્ચરમાં પણ બદલાવ જોવા મળી રહયો છે. એક જમાનામાં વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજતી સરકારી શાળાઓમાં દાયકાથી સુનકાર પ્રવર્તયા બાદ સેલ્ફ ફાઈનાન્સ અને ડે સ્કુલના આક્રમણ બાદ હવે શાળાઓના શિક્ષણ પ્રત્યે ફરીએકવાર વિદ્યાર્થીઓ અને વાલીઓના દ્રષ્ટીકોણમાં બદલાવ આવી રહયો હોવાના સંકેતો મળી રહયા છે. વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દીના ઘડતરમાં નીટ અને જે ઈ ઈ સહીતની કસોટી મુખ્ય બનતા શૈક્ષણિક ક્ષેત્રે નવી અને મહત્વની બની રહેતી કેડી કંડારવાની લ્હાયમાં શાળાકીય શિક્ષણનુ મહત્વ ઘટી રહયુ છે.

### સરપંચ સંમેલન... ● છેલ્લા પાનાનું ચાલુ

કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ત્રણ વર્ષમાં રૂ. ૧૦ હજાર કરોડના ખર્ચે ગ્રામીણ માર્ગોનું નેટવર્ક અદ્યતન બનાવવાનું આયોજન છે.

રાજ્યના ૩૪ હજાર જેટલા ગામ/પરાને જોડતા ગ્રામ માર્ગોના વિશાળ નેટવર્કને સુદૃઢ તેમજ સંગીન બનાવવાની સાથે વધુ કાર્યક્ષમ બનાવવા માટે સરકારની કટિબદ્ધતા દર્શાવતી આ મહત્વાકાંક્ષી યોજનામાં રૂ. ૫૪૦૦ કરોડ નવા નોન પ્લાન રસ્તાઓનું બાંધકામ, સુધારણા, પરા જોડાણ તથા હયાત મેટલ રસ્તાઓને ડામર સપાટીના બનાવવા પાછળ ખર્ચ કરાશે.

રૂ. ૩૫૦૦ કરોડ રસ્તાઓની સુધારણા, મજબુતીકરણ તેમજ પહોળા કરવા માટે ખર્ચાશે. આ ઉપરાંત ૧૧૦૦ કરોડ રૂ. ખૂટતા સ્ટ્રક્ચર તથા હયાત સાંકડા નાણાં, કોઝવેના સ્થાને બારમાસી સ્ટ્રક્ચરના બાંદકામો માટે ખર્ચવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ યોજના અંતર્ગત કુલ ૪,૪૦૮ કરોડના કામોને સરકાર દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

આ આખીય યોજના માટે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેન્ક પાસે લોનની માંગણી કરવામાં આવી છે અને તેનો સ્વીકાર પણ સૈદ્ધાંતિક રીતે થઈ ચુક્યો છે. રાજ્યમાં ગ્રામીણ માર્ગોના નેટવર્કના મજબુતીકરણ માટે 'સુવિધા પથ' પછી આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સરકારે હાથ ધર્યો છે. બે વર્ષથી અમલી બનેલ યોજનામાં પહેલીવાર સરપંચોનું સંમેલન યોજવાની વિગતો અને લાભોની જાણકારી આપવા માટે યોજવામાં આવી રહ્યું છે જે ઉલ્લેખનીય છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ